


Design By : Banas Dairy Media

પ્રકાશન : ઇન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો.૨૦, પાલનપુર - ૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best



# બનાસની ધરતીનો ધબકાર

અંક: ૨૫ | ફેબ્રુઆરી - ૨૦૨૫

www.banasdairy.coop | banasdairy1969 | banasdairy1969 | banasdairy1969 | banasdairymedia

**માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં બનાસ મેડીકલ કોલેજ, મોરિયા ખાતે બનાસના ખેડૂતો સાથે યોજાયો પ્રાકૃતિક કૃષિ પર પરિસંવાદ.**

**કેન્દ્રીય રાજ્ય મંત્રી રવનીત સિંહ બિટ્ટૂજીએ લીધી બનાસ ડેરીના સણાદર પ્લાન્ટની મુલાકાત. મંત્રીશ્રીએ બનાસ ડેરીની કામગીરીને બિરદાવી.**

**મહાકુંભ યાત્રા દરમિયાન થરાદના પશુપાલકો ઉત્તર પ્રદેશમાં બનાસ ડેરીનાં પ્લાન્ટ્સ જોઈને થયા મંત્રમુગ્ધ.**



# માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં બનાસના ખેડૂતો સાથે યોજાયો પ્રાકૃતિક કૃષિ પર પરિસંવાદ

**ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી એ પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં કાર્યક્રમમાં સહભાગી થઈને ખેડૂતો સાથે સંવાદ કર્યો.**

**પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂતોને માર્ગદર્શન મળી રહે અને જાગૃત થાય તે માટે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું.**

**પ્રાકૃતિક ખેતીના મુખ્ય ફાયદાઓ એ છે કે ઓછા ખર્ચે સારું ઉત્પાદન મેળવી શકાય છે, દવા અને ખાતરનો ખર્ચ થતો નથી અને ખેત પેદાશના ભાવ સારા મળે છે.**

**જમીનની ફળદ્રુપતા જાળવી રાખવા પ્રાકૃતિક ખેતી એક માત્ર ઉપાય છે.**

**રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની આગેવાનીમાં પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે દેશમાં ગુજરાત પ્રથમ.**



બનાસ મેડિકલ કોલેજ, મોરિયા ખાતે મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં અને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની વિશેષ ઉપસ્થિતિમાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યપાલશ્રી અને ચેરમેનશ્રી એ રાસાયણિક કૃષિ છોડીને પ્રાકૃતિક કૃષિ અપનાવવા અને આત્મનિર્ભર કૃષિની દિશામાં આગળ વધવા માટે જિલ્લાના ખેડૂતોને અનુરોધ કર્યો, કારણ કે પ્રાકૃતિક કૃષિથી ગામડાઓ સમૃદ્ધ અને આત્મનિર્ભર બની શકે છે. આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ખેડૂતોને જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદકતા વધારવા માટે દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી પર ભાર મૂકીને રાસાયણિક ખેતીમાંથી કુદરતી ખેતી તરફ વળવા અનુરોધ કર્યો તેમજ જીવામૃત અને ઘનજીવામૃતની તૈયારી અને ઉપયોગ અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. પ્રાકૃતિક કૃષિ કરવાથી જળ, જમીન, પર્યાવરણ અને સ્વાસ્થ્યનું રક્ષણ થાય છે, ખેતીનો ખર્ચ ઘટે છે અને ઉત્પાદન વધતાં સરવાળે ખેડુતોને ફાયદો થાય છે. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ મોટી સંખ્યામાં આવેલા પશુપાલકો અને ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે વિગતવાર માહિતી આપી પ્રાકૃતિક કૃષિ તરફ વળવા અનુરોધ કર્યો હતો. ૧૦,૦૦૦ જેટલા ખેડૂતોની ઉપસ્થિતી અને ૫૦,૦૦૦ થી વધુ ખેડૂતોના વર્ચ્યુઅલ જોડાણ સાથે આ કાર્યક્રમ નવી કૃષિ દિશા માટે પ્રેરણાદાયક બન્યો હતો.



## પ્રાકૃતિક ખેતી અને જૈવિક ખેતી બે તદ્દન અલગ બાબતો છે

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે આજે બનાસકાંઠા જિલ્લાના અનેક ખેડૂતો એકતા, સંગઠન અને સહકારિતાના ભાવ સાથે ખૂબ પ્રગતિ કરી રહ્યા છે અને ખૂબ આવક મેળવી રહ્યા છે, તે બનાસ ડેરીના માધ્યમથી ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં થયું છે. આજે જ્યારે દુનિયાની સૌથી મોટી સમસ્યા ગ્લોબલ વૉર્મિંગ છે, જેનાથી માનવજીવનને ખૂબ મોટું નુકશાન થઈ રહ્યું છે, ત્યારે પ્રાકૃતિક ખેતીથી તેને નિવારી શકાય છે. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના ખેતરોમાં નુકશાન થતું નથી, જ્યારે રાસાયણિક ખેતી કરતા ખેડૂતોને ખૂબ મોટા પ્રમાણમાં નુકશાન થાય છે. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જૈવિક ખેતી અને પ્રાકૃતિક ખેતી અંગેનો ભેદ સ્પષ્ટ કરી પ્રાકૃતિક ખેતીના ફાયદા અને મહત્વ ખૂબ સરળ ભાષામાં સમજાવ્યું હતું. રાજ્યપાલએ વધુમાં ઉમેર્યું હતું કે પ્રાકૃતિક ખેતીનું અભિયાન જન માનસ સુધી પહોંચે તે માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આહ્વાન કર્યું છે, ત્યારે સૌ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે તે ખૂબ જ જરૂરી છે. તેમણે આ તકે પવિત્ર ધરતી માતાને ઝેર મુક્ત બનાવી ઉપસ્થિત ખેડૂતોને પ્રકૃતિ તરફ પાછા વળવા અપીલ પણ કરી હતી.

રાજ્યપાલશ્રીએ કહ્યું કે રાસાયણિક ખાતર ગ્લોબલ વૉર્મિંગમાં ૨૪% યોગદાન આપે છે, જેનાથી વરસાદી નકશામાં ફેરફાર તેમજ અનિયમિત તાપમાન જેવા પડકારો સર્જાયા છે. તેઓએ ઉમેર્યું કે શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરીએ દૂધ ક્રાંતિ દ્વારા બનાસવાસીઓને આર્થિક રીતે મજબૂત બનાવ્યા છે. ખાસ કરીને ઓલાદ સુધારણા, કૃત્રિમ બીજદાન ટેકનોલોજી અને દેશી ગાયના વાછરડા પાલન માટેની યોજનાઓ ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે.



રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના બેફામ ઉપયોગથી કેન્સર સહિતના ગંભીર રોગોનો ખતરો રહે છે. જ્યારે પ્રાકૃતિક ખેતીથી પાણી જમીન પર ભરાઈ રહેવાને બદલે ઝડપથી શોષાઈ જાય છે અને જમીન મુલાયમ અને ફળદ્રુપ બને છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ખેતીલાયક જમીન અને ખેતીને જો બચાવવી હશે તો દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી જ શ્રેષ્ઠ વિકલ્પ છે. એક દેશી ગાયની મદદથી 30 એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી થઇ શક છે. પ્રાકૃતિક કૃષિથી જળ-જમીન અને પર્યાવરણની રક્ષા થાય છે, કૃષિ ઉત્પાદન ઘટતું નથી. દેશી ગાયનું જતન અને સંવર્ધન થાય છે. પાણીની બચત થાય છે. કૃષિ ખર્ચ નહિવત્ આવવાથી અને સ્વાસ્થ્યપ્રદ કૃષિ ઉત્પાદનોના ભાવ પ્રમાણમાં વધુ મળવાથી સરવાળે ખેડૂતોને ફાયદો થાય છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અને જીવામૃત બનાવવાની રીત સમજાવી લોકોને રાસાયણિક ખાતરોનો વપરાશ છોડી તંદુરસ્ત જીવન જીવવા માટે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવવા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું.

પ્રકૃતિ સાથે છેડછાડ કરવાના પરિણામે આજે માનવજાત ભોગવી રહ્યું છે તેમ જણાવી, જળ વાયુ પરિવર્તનના પડકારો સામે ભારત વર્ષની જમીન, નાગરિકોનું આરોગ્ય, પાણી, પર્યાવરણ અને ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ જ બચાવી શકશે. ખેતીમાં વધૂ પડતા રાસાયણિક ખાતરોના વપરાશને કારણે જમીનમાં સુક્ષ્મ જીવાણુંઓનું પ્રમાણ ઘટતાં ઓર્ગેનિક કાર્બન ઓછો થયો છે, પ્રાકૃતિક ખેતીથી જમીનમાં સુક્ષ્મ જીવાણુંઓનું પ્રમાણ વધે છે એટલું જ નહી, જમીનના ઓર્ગેનિક કાર્બનમાં પણ ઝડપથી વધારો થાય છે.

બનાસ ડેરીના ચેરમેન અને વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ ઋષિતુલ્ય જીવન જીવતા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, તેમણે ગામે ગામ પહોંચીને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી થકી માનવજીવનને સુરક્ષિત કરવાના અભિયાન સાથે જીવન પરિવર્તનનું મોટું કાર્ય કર્યું છે. અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિથી ખેડૂતોને ખૂબ ફાયદો થશે અને નાગરિકોને ઝેરમુક્ત ખોરાક મળી રહેશે, આપણે સૌ બનાસકાંઠાવાસીઓ ભેગા મળીને આ કાર્યને આગળ લઈ જઈએ.





પ્રાકૃતિક કૃષિને વેગ મળે એ હેતુથી પ્રાકૃતિક ખોરાકનું બ્રાન્ડીગ બનાસ ડેરીના માધ્યમથી કરવામાં આવે છે. આજે બનાસ ડેરીના માધ્યમથી એક કરોડ કરતાં વધુ વૃક્ષો વાવીને બનાસની ધરતી પર વૃક્ષોનું વાવેતર અને જતન કરવામાં આવે છે. બનાસ ડેરી ગાયના ગોબરમાંથી CNG તૈયાર કરીને વેચાણ કરે છે તથા જાપાનની કંપની સાથે MOU પણ કર્યા છે, જેનાથી ખેડૂતો દૂધની જેમ ગોબરથી પણ આવક મેળવી રહ્યા છે. હાલમાં બદલાતા વાતાવરણ અને સર્જાતી પરિસ્થિતિઓને જોતા પ્રાકૃતિક ખેતી અપનાવ્યા વિના નહીં ચાલે. પ્રાકૃતિક ખેતી નામ એક છે પણ તે અનેક સમસ્યાઓનો ઉપાય છે. પ્રાકૃતિક ખેતી અપનાવવાથી પરિવર્તન આવશે, એ માટે અત્યારે પહેલ કરવી પડશે. ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ ખેડૂતોને પોતાની થોડી જમીનમાં પણ પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરવા અપીલ કરી છે.

રાસાયણિક ખેતી, જે યુરિયા અને ડીએપી જેવા જંતુનાશકો પર વ્યાપકપણે આધાર રાખે છે, જે ખર્ચાળ અને જમીનને નુકસાન પણ કરે છે. જ્યારે પ્રાકૃતિક ખેતીમાં માત્ર ગાયના ગોબર અને ગૌમૂત્ર દ્વારા ઓછા ખર્ચે વધુ કૃષિ પાક લઈ શકાય છે. પ્રાકૃતિક ખેતીથી કૃષિ પેદાશમાં ઘટાડો નહીં પરંતુ ઉત્તરોત્તર વધારો થાય છે. રાસાયણિક ખેતીએ જમીનની ઉત્પાદકતામાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે, જેના લીધે ઓર્ગેનિક કાર્બનનું સ્તર ૦.૫ નીચે આવી ગયું છે. જોકે, તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે કુદરતી ખેતી પદ્ધતિઓ અપનાવવાથી જમીનની કાર્યક્ષમતા પાછી મેળવી શકાય છે અને ઓર્ગેનિક કાર્બનનું સ્તર વધારી શકાય છે. ખેડૂતો પ્રાકૃતિક કૃષિના પ્રમાણિત ઉત્પાદનોની નિકાસ કરે છે, ત્યારે તેમને આ ઉત્પાદનોની સારી કિંમત મળે છે. એટલે પ્રાકૃતિક ખેતીને જનઆંદોલન બનાવીને તે દિશામા આગળ વધવા ખેડૂતોને તેમજ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો પાસેથી પેદાશોની ખરીદી કરવા સૌ લોકોને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ અનુરોધ કર્યો હતો.

હાલના સમયમાં ખેડૂતો પરંપરાગત ખેતી છોડી પ્રાકૃતિક ખેતી અપનાવી રહ્યા છે. પ્રાકૃતિક ખેતીમાં રાસાયણિક પદ્ધતિની તુલનામાં ખર્ચ ઓછો આવતો હોવાથી અને ઉત્પાદન પણ ઉત્તમ મળતા હોવાથી તેની લોકપ્રિયતા વધી રહી છે. આ પદ્ધતિમાં વપરાતા ખાતરો, જેમ કે જીવામૃત, બીજામૃત, નિમાસ્ત્ર અને બ્રહ્માસ્ત્ર, ખેડૂતો પોતે જ તૈયાર કરી શકે છે, જેનાથી ખર્ચ પણ નોંધપાત્ર રીતે ઘટે છે. વધુમાં, પ્રાકૃતિક પદ્ધતિથી ઉગાડેલા શાકભાજી, ધાન્ય, ફળ અને કઠોળ ઝેરમુક્ત હોવાથી તેની માંગ સતત વધતી જાય છે, જેનાથી ખેડૂતોને ઉત્તમ નફો મળી રહ્યો છે.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી અનિકેતભાઈ ઠાકર, શ્રી સ્વરૂપજી ઠાકોર, શ્રી કાંતિભાઈ ખરાડી, પૂર્વ સાંસદ પરબતભાઈ પટેલ અને બનાસ ડેરીના વાઇસ ચેરમેન ભાવાભાઈ રબારી સહિત વિવિધ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ પ્રાકૃતિક ખેતી દ્વારા ખેડુતોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાના ઉદ્દેશ સાથે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.



# ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ હરિયાણા સ્થિત માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના પ્રાકૃતિક ગુરુકુલ ફાર્મની મુલાકાત લીધી

**ચેરમેનશ્રીની આ મુલાકાત ભવિષ્યમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા પ્રોત્સાહન અને પ્રેરણા પુરી પાડશે**



**ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ હરિયાણાના પ્રવાસ દરમિયાન મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે તેમના પ્રાકૃતિક ગુરુકુલ ફાર્મની મુલાકાત લીધી.**

**માનનીય રાજ્યપાલશ્રીએ ગુરુકુલ ફાર્મમાં વિકસાવેલું પ્રાકૃતિક ખેતીનું મિશ્ર પાક મૉડલ ભારતીય કૃષિ માટે પ્રેરણાદાયક છે: ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી**

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના અનોખા પ્રયોગો અને દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી પદ્ધતિનાં લીધે આજે હરિયાણાની ધરતી પર ખજૂર, અંજીર, સફરજન અને ડ્રેગન ફ્રૂટ જેવી વૈવિધ્યપૂર્ણ ખેતી શક્ય બની છે. રાજ્યપાલશ્રીએ આ આશ્ચર્યજનક પરિવર્તન કરી બતાવ્યું છે. આ ક્રાંતિશીલ મૉડલને સમજવા અને અનુભવવા માટે ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ રવિવારે ગુરુકુલ ફાર્મની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે આ પદ્ધતિને કૃષિ જગત માટે નવી દિશા દર્શાવતી ગણાવી હતી.

## પ્રાકૃતિક ખેતીની નવી લહેર: દેવવ્રતજીનું મિશન વૈશ્વિક ક્રાંતિ તરફ

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ હરિયાણાના કુરુક્ષેત્ર સ્થિત ગુરુકુલ ફાર્મની મુલાકાત દરમિયાન પ્રાકૃતિક ખેતીના મિશ્ર પાક મૉડલની ઊંડી સમજ મેળવી. તેમણે હર્ષ વ્યક્ત કર્યો કે, આ નવીન પદ્ધતિ ખેડૂતોને આર્થિક રીતે સશક્ત બનાવવાના સાથે જમીનની ઉર્વરતા વધારવા અને પાક ચક્રમાં વૈવિધ્ય લાવવાના માર્ગે આગળ વધશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, શ્રી આચાર્ય દેવવ્રતજીના પ્રાકૃતિક ખેતી મિશન દ્વારા વૈશ્વિક સ્તરે કૃષિ ક્ષેત્રમાં એક નવી ક્રાંતિ જલ્દી જ સાકાર થશે.



## પાકના રક્ષણ માટે ગૌમુત્ર આશીર્વાદરૂપ

હરિયાણા સ્થિત રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત દરમિયાન ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પ્રાકૃતિક ખેતીથી ઉગેલું ૪.૫ કિલો વજન વાળું શલગમ (ગાજર પ્રકારનું એક કંદ) જોઈને આશ્ચર્યચકિત થઇ ગયા હતા. ગૌમુત્રનાં ઉપયોગથી રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ફાર્મ પર મળેલા પ્રભાવશાળી પરિણામો સંદર્ભે ચેરમેનશ્રી અને એમની સાથે આવેલ તમામ સભ્યશ્રીઓને માહિતી આપતા જણાવ્યું હતું કે ડ્રેગન ફ્રુટમાં થોડાદિવસ અગાઉ ફંગસની સમસ્યા જોવા મળી હતી, પરંતુ જયારે ગૌમુત્રનો છંટકાવ કરવામાં આવ્યો તો આ સમસ્યાને તાત્કાલિક નિયંત્રણમાં લેવામાં સફળતા મળી હતી. એવા અનેક ઉદાહરણો દ્વારા રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિ અંગે સમજણ આપી હતી.

## પ્રાકૃતિક ખેતીનાં પાકનો સ્વાદ માણ્યો

ગુરુકુલ પ્રાકૃતિક કૃષિ ફાર્મમાં વિલુપ્ત થતી ઘઉંની અનેક જાતિઓ ફરી જીવંત બનાવાઈ રહી છે, જ્યાં ઘઉં સાથે ચણાને સંયુક્ત રીતે ઉગાડવામાં આવે છે. એ જ રીતે, શેરડીની ખેતીમાં સરસવ અને દાળનો સમાવેશ કરીને એક અનોખું મિશ્રિત ખેતી મૉડલ વિકસાવવામાં આવ્યું છે. કૃષિ વૈજ્ઞાનિક ડૉ. હરિઓમ એ ચણાના છોડ ઉખેડીને નાઇટ્રોજન અને અન્ય પોષક તત્ત્વોના મહત્વ પર પ્રકાશ નાખ્યો. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પ્રાકૃતિક બોરનો લહાવો લીધો હતો તેમજ ક્રશર દ્વારા ગોળ, સાકર અને ખાંડ બનાવવાની પ્રક્રિયાને નિહાળી. તેમણે તાજા અને ગરમ પ્રાકૃતિક ગોળનો સ્વાદ લઈ, તેની શુદ્ધતા અને સ્વાદિષ્ટતાની પ્રશંસા કરી.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પ્રાકૃતિક કૃષિ ફાર્મ અને ગુરુકુલની મુલાકાત બાદ હર્ષ વ્યક્ત કર્યો અને જણાવ્યું કે તેઓ ઈચ્છે છે કે સમગ્ર દેશ ધીમે ધીમે પ્રાકૃતિક ખેતી તરફ પ્રયાણ કરે. તેમણે નોંધ્યું કે અગાઉ આપણે યુરીયા અને પેસ્ટીસાઈડ્સનો અતિશય ઉપયોગ કર્યો, ત્યારબાદ જૈવિક ખેતી તરફ વળ્યા, પરંતુ અપેક્ષિત સફળતા મેળવી શક્યા નથી.  તેમના મતે, ભારતીય કૃષિની મૂળભૂત પરંપરા પ્રાકૃતિક ખેતી છે, અને જો આપણે તેને ઝડપથી સ્વીકારીશું તો સમગ્ર દેશને અપાર લાભ થશે.

આજે પ્રાકૃતિક ખેતીનો સ્વીકાર ધીરે ધીરે વધી રહ્યો છે. વિશેષ કરીને, ભારતમાં પ્રાકૃતિક ખેતીના પ્રચાર અને પ્રસાર માટે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીનું મહત્ત્વપૂર્ણ યોગદાન છે. તેઓ પ્રાકૃતિક ખેતીના વિકાસ માટે અવિરત પ્રયત્ન કરી રહ્યા છે. વધુમાં, ગુરુકુળ વિશે અભિપ્રાય આપતાં શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે આ ગુરુકુળમાં ભારતીય મૂલ્યો અને પ્રાચીન પરંપરાઓ સાથે આધુનિકતાનો સુંદર સંયોગ જોવા મળે છે. તેમનું માનવું છે કે જે કલ્પના પ્રમાણે ગુરુકુળ હોવું જોઈએ, તે અહીં પૂર્ણ રીતે સાકાર થયું છે.



# કેન્દ્રીય રાજ્ય મંત્રી રવનીત સિંહ બિટ્ટૂજીએ લીધી બનાસ ડેરીના સણાદર પ્લાન્ટની મુલાકાત

માનનીય કેન્દ્રીય રેલ અને ખાદ્ય પ્રોસેસિંગ ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી રવનીત સિંહ બિટ્ટૂજીએ બનાસ ડેરીના સણાદર (દિયોદર) પ્લાન્ટની મુલાકાત લીધી. આ મુલાકાત દરમિયાન તેમણે આઇસ્ક્રીમ, ખોઆ અને પોટેટો પ્રોડક્ટ મેકિંગ યુનિટનો વિગતવાર પરિચય લીધો અને બનાસ ડેરીના કાર્યક્ષેત્ર તથા પ્રગતિ અંગે માહિતગાર થયા.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી સાથે યોજાયેલી ખાસ બેઠકમાં મંત્રીએ ડેરી દ્વારા ખેડૂતોના હિતમાં કરવામાં આવતી કામગીરીની પ્રશંસા કરી. તેમણે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના માર્ગદર્શનમાં સહકારના મંત્ર હેઠળ બનાસ ડેરી દ્વારા ખેડૂતોના જીવનસ્તરને ઉંચું ઉઠાવવા માટે લેવાયેલા પ્રયાસોની સરાહના કરી.

આ મુલાકાત દરમિયાન રાજ્ય મંત્રીએ ડેરીની સુવિધાઓ અને સંચાલન પદ્ધતિઓનું નિરીક્ષણ કર્યું. તેમણે જણાવ્યું કે, બનાસ ડેરી માત્ર ગુજરાત જ નહીં, પણ સમગ્ર દેશ માટે સહકારી ક્ષેત્રમાં એક પ્રેરણાસ્ત્રોત બની છે. ડેરી દ્વારા ખેડૂત આર્થિક વિકાસ માટે અપનાવવામાં આવતા મોડલને તેમણે અન્ય વિસ્તારોમાં પણ અપનાવવાની ભલામણ કરી.

આ અવસરે ડેરીના ઉપસ્થિત અધિકારીઓ અને ખેડૂતો સાથે મંત્રીએ સંવાદ કર્યો અને તેઓની સમસ્યાઓ અને સુજાઓને ધ્યાનપૂર્વક સાંભળી. બનાસ ડેરીના ટેકનિકલ અપગ્રેડેશન અને નવા પ્રોડક્ટ ડેવલપમેન્ટના પ્રયાસોને પણ મંત્રીએ બિરદાવ્યા.






માનનીય કેન્દ્રીય રેલ અને ખાદ્ય પ્રોસેસિંગ ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી રવનીત સિંહ બિટ્ટૂજીએ બનાસ ડેરીની ડીસા ખાતે આવેલ દૂધ મંડળીની મુલાકાત લીધી. આ અવસરે તેમણે મેનેજીંગ ડિરેક્ટરશ્રી સંગ્રામ આર. ચૌધરી સહીત અન્ય અધિકારીઓશ્રીઓ સાથે દૂધ ભરાવવાની પ્રક્રિયા તેમજ પશુપાલકો સાથે વાર્તાલાપ કર્યો હતો. મંડળી ખાતે તેમણે સ્થાનિક દૂધ ઉત્પાદકો સાથે ખાસ પરિસંવાદ યોજ્યો, જેમાં પશુપાલન સંબંધિત પડકારો અને નવી તકો વિશે ચર્ચા કરી. પશુપાલકો સાથે ખૂલ્લા હૃદયથી સંવાદ કરતા તેમણે દૂધ ઉત્પાદન વધારવા માટે નવીન ઉપાયો પર વિચારણા કરી. આ મુલાકાત દરમિયાન કેન્દ્રીય મંત્રીએ એક ગ્લાસ તાજા દૂધની મજા માણીને આ ઉદ્યોગ સાથે પોતાના સંકળાયેલાનું પ્રતિક દર્શાવ્યું.

પશુપાલકોને પ્રેરણા આપતાં તેમણે જણાવ્યું કે દૂધ ઉત્પાદન સાથે રમતગમત અને ફિટનેસ પણ જીવનનો અભિન્ન ભાગ હોવો જોઈએ, જે શરીર અને મનની એકાગ્રતા માટે આવશ્યક છે. વધુમાં, તેમણે પશુપાલકોને દિલ્હી આવવા માટે આમંત્રિત કરતાં તેમને આધુનિક તકનીકો અને નવીનતાથી વાકેફ થવા માટે પ્રોત્સાહિત કર્યા.

કેન્દ્રીય મંત્રીશ્રીએ ભારતના વિકાસમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની દૃઢ દ્રષ્ટિ અને નેતૃત્વને વખાણતાં જણાવ્યું કે આજે દેશનું નેતૃત્વ ગુજરાતના પનોતા પુત્ર, માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ કરી રહ્યાં છે. એમની પથદર્શકતા હેઠળ દેશનો કૃષિ અને પશુપાલન ક્ષેત્ર ઉન્નતિની દિશામાં આગળ વધી રહ્યો છે. તેમણે ભારપૂર્વક ઉલ્લેખ કર્યો કે જેમ મોદીજી દેશના ખેડૂતો અને પશુપાલકોના હિતમાં દિવસ-રાત કાર્ય કરે છે, તે જ દિશામાં બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી પણ અહિયાંના પશુપાલકો અને ખેડૂતોના કલ્યાણ માટે નિરંતર પ્રયત્નશીલ છે.

આ મુલાકાત દ્વારા રાજ્ય મંત્રીએ સહકારી ડેરી ઉદ્યોગના મહત્વને રેખાંકિત કરતા ખેડૂતપ્રધાન દિશામાં બનાસ ડેરીના યોગદાનની પ્રશંસા કરી. તેમણે ભારતની દૂધ ઉદ્યોગ ક્રાંતિમાં ડેરીઓની ભૂમિકા મહત્વપૂર્ણ ગણાવી અને બનાસ ડેરીને વધુ ઉન્નતિ માટે શુભેચ્છાઓ આપી.









# વ્યસન છોડો અને શિક્ષણ પકડો: ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી

આજના યુગમાં, જ્યારે વ્યસન દરેક વયના લોકોમાં ઝડપી ફેલાઈ રહ્યું છે, ત્યારે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી ગામડે ગામડે પોતાના પ્રવાસ અને કાર્યક્રમમાં તમામ ગણાતી-સમાજના લોકોને વ્યસન છોડી, શિક્ષણ પકડવાનો અનુરોધ કર્યો છે. તેમણે કહ્યું કે "વ્યસન છોડો અને શિક્ષણ પકડો" એ માત્ર એક નારો નથી, પણ એક જાગૃતિ અભિયાન છે. આ સુત્ર વ્યક્તિગત અને સામાજિક જીવન માટે અત્યંત મહત્વનું છે. જીવનમાં સફળ થવા માટે શિક્ષણનું મહત્વ સમજી ને, વ્યસનથી દૂર રહેવું આવશ્યક છે. શિક્ષણ માણસને ગુંડાગીરી, અશિક્ષા, ગરીબી અને દુશ્ચિંતાઓથી મુક્ત કરી શકે છે, જ્યારે વ્યસન તેને આ બધામાં ફસાવી દે છે. વ્યસન અને શિક્ષણ એ જીવનની બે વિપરીત દિશાઓ છે. વ્યસન માણસને અંધકાર તરફ ખેંચે છે, જ્યારે શિક્ષણ જીવનને પ્રકાશમય બનાવે છે. આજના યુગમાં, જ્યાં વ્યસનો વિકારરૂપ બની રહ્યા છે, ત્યાં શિક્ષણ જ એકમાત્ર ઉપાય છે જે સમાજને યોગ્ય દિશામાં લઈ જઈ શકે.

**શિક્ષણ સાથે ઉજ્જવળ ભવિષ્ય, વ્યસન સાથે અંધકારમય જીવન"**

**શિક્ષિત બનો, વ્યસનમુક્ત બનો"**

**વ્યસન છોડો, ભવિષ્ય ઘડો"**

### વ્યસન: જીવનનો સૌથી મોટો શત્રુ અને વિનાશકારી આફત

વ્યસન તે કોઈપણ આદત છે જે શરીર અને માનસ માટે હાનિકારક હોય. તે એક એવું ઝેર છે જે ધીમે ધીમે માણસના જીવનને નાશ તરફ દોરી જાય છે. વ્યસનની શ્રેણી ખૂબ મોટી છે—સિગારેટ, તમાકુ, દારૂ, જુગાર, ડ્રગ્સ, તેમજ આજના યુગમાં ઓનલાઈન પ્લેટફોર્મ જેવા કે સોશિયલ મીડિયા અને મોબાઈલ ગેમ્સ પણ વ્યસનની જ શ્રેણીમાં આવે છે. વ્યસનગ્રસ્ત વ્યક્તિ પોતાનું અને પોતાના પરિવારનું જીવન અંધકારમય બનાવી દે છે. આવા લોકો પોતાની જવાબદારી ભુલીને સ્વાર્થ અને સુખલાલસામાં ફસાઈ જાય છે. પરિણામે, તેઓને શારીરિક, માનસિક, આર્થિક અને સામાજિક સ્તરે ભારે નુકસાન ભોગવવું પડે છે.

વ્યસન માણસની બુદ્ધિ અને વિચારશક્તિનો નાશ કરી દે છે, અને અંતે એ વ્યક્તિ સમાજ તથા પરિવાર માટે માત્ર એક બોજ બને છે. તે માત્ર વ્યક્તિના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને જ નહીં, પરંતુ તેના પરિવાર અને સમાજને પણ નુકસાન પહોંચાડે છે.



## શિક્ષણ: વિકાસ અને ઉજ્જવળ ભવિષ્યની ચાવી

શિક્ષણ એ જીવનની સાચી સંપત્તિ છે. શિક્ષિત માણસને સમાજમાં સન્માન મળે છે, તે પોતાનું અને પોતાના પરિવારનું ભવિષ્ય સુધારી શકે છે. શિક્ષણ માત્ર શાળાની ભીંતોમાં સીમિત નથી, પરંતુ જીવનને સમજવાની, નૈતિક મૂલ્યો અપનાવવાની અને પોતાને સતત સુધારવાની પ્રક્રિયા છે. શિક્ષણ માણસને યોગ્ય અને અયોગ્ય વચ્ચે ભેદ કરવાની ક્ષમતા આપે છે, જે તેને વ્યસનોથી દૂર રાખે છે.

શિક્ષણ, એ એક સત્ય છે જે વ્યક્તિના જીવનને બદલવાનું સામર્થ્ય ધરાવે છે. તે માત્ર પાઠ્યપુસ્તક ભણવું જ નથી, પણ જીવન જીવવાની કળા છે. શિક્ષિત વ્યક્તિ યોગ્ય અને અયોગ્ય વચ્ચે ભેદ કરી શકે છે, પોતાનું ભવિષ્ય સુરક્ષિત બનાવી શકે છે અને સમાજમાં માન-સન્માન મેળવી શકે છે.

## વ્યસન છોડીને શિક્ષણ અપનાવવાના લાભો

**શારીરિક અને માનસિક આરોગ્ય:** શિક્ષિત વ્યક્તિ સામાન્યતઃ વ્યસનોથી દૂર રહે છે, જેનાથી તે તંદુરસ્ત અને ચુસ્ત જીવન જીવી શકે છે.

**આર્થિક સુરક્ષા:** શિક્ષણથી વ્યક્તિ સારી નોકરી કે વ્યવસાય પ્રાપ્ત કરી શકે છે, જ્યારે વ્યસન વ્યક્તિને આર્થિક મંદીમાં ઠેલી શકે છે.

**સામાજિક સન્માન:** શિક્ષિત વ્યક્તિને સમાજમાં પ્રતિષ્ઠા મળે છે, જ્યારે વ્યસનગ્રસ્ત વ્યક્તિનું જીવન તિરસ્કૃત બની જાય છે.

**સકારાત્મક વિચારો:** શિક્ષણ જીવનમાં નવો દ્રષ્ટિકોણ આપે છે અને વ્યક્તિને નવી નવી તક શોધી શકવાની ક્ષમતા આપે છે.



## કઈ રીતે વ્યસન છોડીને શિક્ષણ અપનાવવું?

**સંસ્કાર અને સજાગતા:** બાળકોમાં સારા સંસ્કાર નાખી અને તેમને શિક્ષણનું મહત્વ સમજાવી શકાય.

**જાગૃતિ અભિયાન:** શાળાઓ, મહાવિદ્યાલયો અને સામાજિક સંસ્થાઓ દ્વારા વ્યસનમુક્તિ માટે કેમ્પ અને પ્રવચનો ગોઠવવા જોઈએ.

**સમર્થન અને માર્ગદર્શન:** વ્યસનગ્રસ્ત વ્યક્તિઓને તેમના પરિવાર અને મિત્રોનો ટેકો ખૂબ જરૂરી છે, જેથી તેઓ સુધરી શકે.

**સરકારની નીતિઓ:** નશીલા પદાર્થો અને વ્યસનકારી વસ્તુઓ પર કડક નિયંત્રણ જરૂરી છે, તેમજ સસ્તું અને સારા શિક્ષણ માટે વધુ તક પ્રદાન કરવી જોઈએ.



ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ સમાજને સુંદર સંદેશ આપતા જણાવે છે કે "વ્યસન છોડો અને શિક્ષણ પકડો" એ માત્ર એક સૂત્ર નથી, પણ એક સાર્થક જીવનની સચોટ રીત છે. જે વ્યક્તિ પોતાનું ભવિષ્ય સુરક્ષિત અને ઉજ્જવળ બનાવવા માંગે છે, તેને વ્યસનથી દૂર રહી શિક્ષણને અપનાવવું જોઈએ. જે લોકો શિક્ષણ તરફ આગળ વધે છે, તેઓના સપનાઓ સાકાર થાય છે, જ્યારે વ્યસનગ્રસ્ત લોકો પોતાનું જીવન બરબાદ કરી લે છે. કહેવાય છે કે એક સુશિક્ષિત સમાજ જ એક સુખમય અને સમૃદ્ધ દેશનું નિર્માણ કરી શકે! જો આપણે આપણા સમાજ અને દેશને વિકસિત અને સમૃદ્ધ બનાવવો હોય, તો દરેક વ્યક્તિએ શિક્ષણને અગ્રતા આપવી જોઈએ અને વ્યસનોથી દૂર રહેવું જોઈએ.





# થરાદનાં કિયાલ ગામની હરિયાળી પહેલને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બિરદાવી

## કિયાલ ગામના ગ્રામજનો દ્વારા હાથ ધરાયેલા વૃક્ષારોપણ અન્ય ગ્રામ્ય વિસ્તારો માટે પ્રેરણારૂપ





થરાદ તાલુકાના કિયાલ ગામનાં ગ્રામજનોએ એક મહત્વપૂર્ણ અને પ્રેરણાદાયી પહેલ હાથ ધરી છે. તેમણે સંકલ્પપૂર્વક વૃક્ષારોપણ અભિયાન હાથ ધર્યું, જે પર્યાવરણ સંરક્ષણ માટે મહત્વપૂર્ણ યોગદાન આપશે. આ પહેલ ગામના ભવિષ્ય માટે માત્ર એક હરિયાળો પ્રદેશ જ નહીં, પણ ભવિષ્યની પેઢીઓને સ્વચ્છ હવા અને તાજગીભર્યું જીવન પ્રદાન કરશે. મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉત્સાહભેર વૃક્ષોની સંભાળ લેવાની જવાબદારી નિભાવવાની પ્રતિજ્ઞા લીધી છે. આ અભિયાનમાં ખાસ કરીને છાયાદાર વૃક્ષો, ઔષધીય છોડ અને ફળદ્રુપ વૃક્ષોની પસંદગી કરવામાં આવી હતી, જેથી તે માત્ર સૌંદર્ય વધારવા માટે જ નહીં, પણ લોકોને આરોગ્યલક્ષી લાભ પણ પ્રાપ્ત થાય.

આ શુભ કાર્યની નોંધ લઈને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી એ કિયાલ ગામની મુલાકાત લીધી હતી. તેઓએ વૃક્ષારોપણ કાર્યમાં ભાગ લેનાર તમામ ગ્રામજનોને બિરદાવ્યા અને તેમને આ પહેલ ચાલુ રાખવા માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. તેમણે ગામવાસીઓ સાથે સંવાદ કરતા જણાવ્યું હતુ કે, "વૃક્ષો આપણા પર્યાવરણ માટે જીવનરક્ષક છે. જો આપણે આજે વૃક્ષો વાવીશું, તો આવનારા સમયમાં તે ગ્રામજનોને શ્વાસ માટે તાજી હવા, છાંયો અને કુદરતી સૌંદર્ય આપશે."

કિયાલ ગામના ગ્રામજનો દ્વારા હાથ ધરાયેલા આ અભિયાનને અન્ય ગ્રામ્ય વિસ્તારો માટે પણ પ્રેરણારૂપ ગણાવી શકાય. જો દરેક ગામ આવી જ પહેલ હાથ ધરશે, તો આપણા દેશનું પર્યાવરણ વધુ હરિયાળું અને સ્વચ્છ બની રહેશે. આ પહેલ માટે ગામવાસીઓ અને ખાસ કરીને યુવા પેઢીનું ઉત્તમ યોગદાન નોંધપાત્ર છે.

આમ, કિયાલ ગામે માત્ર વૃક્ષો વાવ્યા નથી, પરંતુ ભવિષ્ય માટે એક મજબૂત પર્યાવરણ રક્ષણની પ્રેરક શ્રેણીનો આરંભ કર્યો છે, જે ભાવિ પેઢીઓને શ્વાસ લેવા માટે શુદ્ધ હવા અને એક સ્વસ્થ પર્યાવરણ પ્રદાન કરશે.

# મોબાઈલ અને સોશિયલ મીડિયાથી બાળકોનું બાળપણ અને ભવિષ્ય બચાવો

આજના ડિજિટલ યુગમાં મોબાઈલ અને ઈન્ટરનેટ જીવનના અભિન્ન ભાગ બની ગયા છે. તે જ રીતે, સોશિયલ મીડિયા પણ દરેક વ્યક્તિ માટે રોજિંદા જીવનનો એક મહત્વનું અંગ બની ગયું છે. પરંતુ, બાળકો માટે તેનો વધુ પડતો ઉપયોગ અત્યંત હાનિકારક સાબિત થઈ શકે છે. જો કે ઈન્ટરનેટ અને ટેક્નોલોજીનો યોગ્ય ઉપયોગ શિક્ષણ અને જ્ઞાન વધારવા માટે ફાયદાકારક છે, પરંતુ વધુ પડતો ઉપયોગ બાળકોના શારીરિક, માનસિક અને ભાવનાત્મક વિકાસ માટે હાનિકારક બની શકે છે.

## મોબાઈલ અને સોશિયલ મીડિયા દ્વારા થતા નુકસાન

### શારીરિક આરોગ્ય પર અસર

બાળકો જ્યારે લાંબા સમય સુધી મોબાઈલ અથવા કમ્પ્યુટર સ્ક્રીન સામે રહે છે, ત્યારે તેમની આંખોની તકલીફો, માથાનો દુઃખાવો, અને નિંદ્રાના ધોરણોમાં ફેરફાર થાય છે. મોટાભાગે, બાળકો શારીરિક ગતિવિધિઓ કરતા મોબાઈલ પર વધુ સમય વિતાવે છે, જેનાથી આળસ અને સ્થૂળતા (મોટાપો) વધે છે.

### માનસિક અને ભાવનાત્મક વિકાસમાં અડચણ

વિશ્વસનીય સંસ્થાઓના સંશોધનો અનુસાર, વધુ પડતો મોબાઈલ અને સોશિયલ મીડિયા ઉપયોગ ડિપ્રેશન, ચિંતાઓ અને એકલતાના ભાવને વધારી શકે છે. બાળકો અને કિશોરો ઘણીવાર સોશિયલ મીડિયા પર વધુ લાઈક્સ અને શેર મેળવવા માટે ચિંતિત રહે છે, જેના કારણે તેમની આત્મવિશ્વાસની લાગણી ઘટી શકે છે.



### શૈક્ષણિક પ્રભાવ

બાળકો માટે ઇન્ટરનેટ પર રહેલી શૈક્ષણિક સામગ્રી ઉપયોગી હોઈ શકે છે, પરંતુ જો તેનો નિયંત્રણ વિના ઉપયોગ થાય, તો બાળકો અભ્યાસમાં ધ્યાન ન આપી મોબાઈલ કે વિડિયો ગેમ્સમાં મગ્ન થઈ જાય. આથી તેમની એકાગ્રતા ઓછી થાય છે અને શૈક્ષણિક પ્રગતિ ઘટાડે છે.

### આપરાધિક જોખમો અને અનિચ્છનીય સામગ્રી

ઇન્ટરનેટ અને સોશિયલ મીડિયામાં ઘણી એવી વસ્તુઓ ઉપલબ્ધ છે જે બાળકો માટે યોગ્ય નથી. વધુ પડતા મોબાઈલ ઉપયોગ અને અનફિલ્ટર્ડ ઇન્ટરનેટ એક્સેસના કારણે તેઓ અયોગ્ય સામગ્રી જોઈ શકે છે અથવા ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બની શકે છે.

## બાળકોને મોબાઈલ અને ઈન્ટરનેટના વધુ પડતા ઉપયોગથી કેવી રીતે બચાવી શકાય?

#### વાલી અને શિક્ષકોની જવાબદારી

માતા-પિતા અને શિક્ષકોને બાળકો સાથે દૈનિક જીવનમાં સંવાદ રાખવો જોઈએ.
તેમની મોબાઈલ અને ઈન્ટરનેટની પ્રવૃત્તિઓ પર નજર રાખવી જોઈએ.
શૈક્ષણિક અને ઉપયોગી ડિજિટલ સામગ્રી માટે ચોક્કસ એપ્લિકેશન્સ અને વેબસાઈટ્સની ઓળખ કરવી જોઈએ.

#### બાળકો માટે સમય મર્યાદા નક્કી કરવી

બાળકો માટે મોબાઈલ અને ઈન્ટરનેટ ઉપયોગ માટે એક સમયમર્યાદા નક્કી કરવી જોઈએ.
વાલીઓએ બાળકોને વધુ સમય આઉટડોર પ્રવૃત્તિઓમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવું જોઈએ.

#### વૈકલ્પિક ગતિવિધિઓમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવું

બાળકોને કલા, રમત, વાંચન અને અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં રસ લેવા માટે પ્રેરિત કરવું જોઈએ.
પારિવારિક સમય વધારવો અને બાળકો સાથે વધુ સમય વિતાવવા માટે પ્રયત્ન કરવા જોઈએ.

#### 4.ડિજિટલ ડિટોક્સ અને સાયબર સેફ્ટી

સમયાંતરે "ડિજિટલ ડિટોક્સ" અપનાવીને, પરિવાર સાથે મોબાઈલ અને ઈન્ટરનેટથી દુર રહી અન્ય ગતિવિધિઓમાં જોડાવું.
બાળકોને સાઈબર સેફ્ટી અને ઓનલાઈન જોખમો અંગે જાગૃત કરવું જોઈએ.

મોબાઈલ, ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા એ આજના યુગમાં અનિવાર્ય છે, પણ તેનો સંયમપૂર્વક ઉપયોગ જરૂરી છે. બાળકો માટે યોગ્ય માર્ગદર્શિકા, સમય મર્યાદા અને સંયમ જરૂરી છે, જેથી તેઓ ડિજિટલ વિશ્વનો સકારાત્મક ઉપયોગ કરી શકે. માતા-પિતાએ બાળકો સાથે વધુ સમય વિતાવવો, તેમને શૈક્ષણિક અને કલા-કૌશલ્યમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવું અને તેમની ઈન્ટરનેટ પ્રવૃત્તિઓ પર નિયમિત દેખરેખ રાખવી જોઈએ. વધુ પડતા મોબાઈલ અને ઈન્ટરનેટના પ્રભાવથી બચીને જ બાળકનું ભવિષ્ય તેજસ્વી બની શકે!




## મહાકુંભ દરમિયાન ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ તીર્થરાજ પ્રયાગનાં સંગમમાં આસ્થાની ડૂબકી લગાવી ધન્યતા અનુભવી

પ્રયાગરાજ, જેને તીર્થરાજ તરીકે ઓળખવામાં આવે છે, જેને હિન્દુ ધર્મમાં પવિત્ર તીર્થસ્થળ માનવામાં આવે છે. અહીં ગંગા, યમુના અને સરસ્વતી નદીઓનું સંગમ હોય છે, જે આધ્યાત્મિક મહત્વ ધરાવે છે. કહેવાય છે કે આ સ્થાન પર સ્નાન કરવાથી પાપોનો નાશ થાય છે અને મુક્તિ મળે છે.

સંગમ તટ પર અસંખ્ય ભક્તો શ્રદ્ધાથી ડૂબકી લગાવી ઈશ્વરના ચરણોમાં સમર્પિત પ્રાર્થના કરે છે. ખાસ કરીને કુંભ મેળામાં અહીં વિશેષ મહત્ત્વ હોય છે. ભક્તિ અને શ્રદ્ધાનો પ્રવાહ અહીંની લહેરોમાં જોવા મળે છે, જ્યાં શ્રદ્ધાળુઓ ઉપવાસ, જપ, દાન અને પૂજન દ્વારા પવિત્રતા પ્રાપ્ત કરે છે.

આથી, તીર્થરાજ પ્રયાગનો સંગમ માત્ર ભૌગોલિક સ્થળ નથી, પણ એ આધ્યાત્મિક ઊર્જાનું કેન્દ્ર છે, જ્યાં ભક્તો શ્રદ્ધા અને ભક્તિથી ડૂબકી લગાવી દિવ્ય શાંતિનો અનુભવ કરે છે.









## બનાસ ડેરી દ્વારા તાલુકાદીઠ સન્માનિત કરાયેલા શ્રેષ્ઠ ત્રણ મહિલા પશુપાલકો (૨૦૨૩-૨૪)

બનાસ ડેરી દર વર્ષે જિલ્લાભરમાં દુધ ઉત્પાદનમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર મહિલા પશુપાલકોને સન્માનિત કરે છે. પશુપાલકોને વધુ પ્રોત્સાહન મળે અને તેઓ આર્થિક રીતે વધુ સબળ બને તે હેતુ સાથે, ડેરી દ્વારા દરેક તાલુકામાંથી ત્રણ શ્રેષ્ઠ દૂધ ઉત્પાદકોને પસંદ કરીને સન્માનિત કરવામાં આવે છે. આ પુરસ્કાર દ્વારા પશુપાલકોની મહેનત અને ઉત્કૃષ્ટ કાર્યને બિરદાવવામાં આવે છે, તેમજ તેઓને વધુ ઉત્સાહથી તેમના વ્યવસાયમાં સુધારાઓ લાવવાની પ્રેરણા આપવામાં આવે છે.

આ યોજના દ્વારા પશુપાલકોમાં પ્રતિસ્પર્ધાની ભાવના વધે છે, અને સાથે સાથે ઉત્તમ ગુણવત્તાનું દૂધ ઉત્પાદન કરવા પ્રોત્સાહિત થાય છે. બનાસ ડેરીનું આ પ્રયાસ ગ્રામ્ય આર્થિક પ્રગતિમાં મહત્વનો ફાળો આપે છે.

તાલુકો: **અમીરગઢ**

| ક્રમ | નામ | મંડળીનું નામ | કુલ લીટર દૂધ | મંડળી દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | સંઘ દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | ભરાવેલ દૂધની રકમ રૂપિયા/પૈસા | મેળવેલ નફો અને દૂધની કુલ રકમ રૂપિયા/પૈસા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કરકટા નાનુબેન કેસાજી | કાનપુર (ગો) | 90217.27 | 187331.59 | 606718.98 | 2991809.82 | 2991809.82 |
| ૨ | રબારી ગજરીબેન ગેમાભાઈ | ખાપરા | 82083.28 | 186549.19 | 580735.6 | 2865705.76 | 3632990.55 |
| 3 | રબારી લીલાબેન પેકાજી | ખાપરા | 72660.06 | 161696.13 | 503366.96 | 2483921.4 | 3148984.49 |

## તાલુકો: **દાંતા**

| ક્રમ | નામ | મંડળીનું નામ | ફૂલ લીટર દૂધ | મંડળી દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | સંઘ દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | ભરાવેલ દૂધની રકમ રૂપિયા/પૈસા | મેળવેલ નફો અને દૂધની કુલ રકમ રૂપિયા/પૈસા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | બારડ સુર્યાબેન મનમોહનસિંહ | મોટાસડા | 106156.6 | 277086.83 | 699504.42 | 3549227.68 | 4525818.93 |
| ૨ | બારડ ગીતાબા જયદીપસિંહ | મોટાસડા | 95371.4 | 249954.64 | 631009.32 | 3201689.16 | 4082653.12 |
| 3 | લેબડીયા સરીફાબેન અલ્લાઉદીનભાઇ | અડેરણ (મું) | 96367.85 | 275127.29 | 618035.77 | 3168485.88 | 4061648.94 |

## તાલુકો: **પાલનપુર - ૨**

| ક્રમ | નામ | મંડળીનું નામ | ફૂલ લીટર દૂધ | મંડળી દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | સંઘ દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | ભરાવેલ દૂધની રકમ રૂપિયા/પૈસા | મેળવેલ નફો અને દૂધની કુલ રકમ રૂપિયા/પૈસા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રાણા વિનુબેન લાલસિંહ | અસ્માપુરા (ગો) | 140470.38 | 308067.11 | 926711.64 | 6339387.91 | 7574166.66 |
| ૨ | મહિવાલ ઉષાબેન મહેશકુમાર | ચંડીસર | 176026.43 | 407838.77 | 1151956.39 | 5825330.47 | 7385125.63 |
| 3 | જુડાલ હંસાબેન લક્ષ્મણભાઇ | ગાદલવાડા | 177517.98 | 284598.37 | 1091731.34 | 5526181.99 | 6902511.70 |

## તાલુકો: **વડગામ**

| ક્રમ | નામ | મંડળીનું નામ | ફૂલ લીટર દૂધ | મંડળી દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | સંઘ દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | ભરાવેલ દૂધની રકમ રૂપિયા/પૈસા | મેળવેલ નફો અને દૂધની કુલ રકમ રૂપિયા/પૈસા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રાજપૂત સૂર્યાબા દિલીપસિંહ | ધનાલી | 248358.01 | 800171.78 | 1577382.55 | 8001394.02 | 10378948.35 |
| ૨ | ચૌધરી મધુબેન સરદારભાઇ | ઘોડીયાળ | 243255.7 | 780500.13 | 1569130.71 | 7923859.21 | 10273490.05 |
| 3 | ચૌધરી ઉરસાનાબેન આમીન | બસુ | 140108.7 | 749410.82 | 1648238.32 | 7909028.18 | 10306677.32 |



## તાલુકો: **દાંતીવાડા**

| ક્રમ | નામ | મંડળીનું નામ | ફૂલ લીટર દૂધ | મંડળી દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | સંઘ દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | ભરાવેલ દૂધની રકમ રૂપિયા/પૈસા | મેળવેલ નફો અને દૂધની કુલ રકમ રૂપિયા/પૈસા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જેગોડા રંજુલાબેન મહેશભાઇ | ચોડુંગરી | 110100.5 | 322049.61 | 798456.96 | 4025986.33 | 5146492.90 |
| ૨ | ચૌધરી વિમળાબેન અશોકભાઇ | ચોડુંગરી | 94294.9 | 262643.8 | 651172.27 | 3280742.46 | 4194558.53 |
| 3 | ભુતડીયા જશીબેન જયંતીભાઇ | વેળાવાસ | 69793.15 | 133053.1 | 515306.26 | 2658832.24 | 3307191.60 |

## તાલુકો: **ડીસા**

| ક્રમ | નામ | મંડળીનું નામ | ફૂલ લીટર દૂધ | મંડળી દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | સંઘ દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | ભરાવેલ દૂધની રકમ રૂપિયા/પૈસા | મેળવેલ નફો અને દૂધની કુલ રકમ રૂપિયા/પૈસા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ચૌધરી વિણાબેન દિનેશજી | શેરપુરા | 121606.24 | 221545.47 | 859408.3 | 4349047.19 | 5430000.96 |
| ૨ | રબારી ગીતાબેન તેજાભાઇ | ઢેઢાલ | 92950.84 | 318242.78 | 699892.92 | 3490379.11 | 4508514.81 |
| 3 | રાજપૂત ગંગાબેન રાજાજી | ચાવરપુરા | 103769.21 | 278093.31 | 691463.7 | 3477768.46 | 4447325.47 |

## તાલુકો: **દિયોદર**

| ક્રમ | નામ | મંડળીનું નામ | ફૂલ લીટર દૂધ | મંડળી દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | સંઘ દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | ભરાવેલ દૂધની રકમ રૂપિયા/પૈસા | મેળવેલ નફો અને દૂધની કુલ રકમ રૂપિયા/પૈસા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ચૌધરી શંકુબેન જયંતીભાઇ | ઓઢા | 136600.59 | 191157.94 | 1009739.78 | 5200735.64 | 5200735.64 |
| ૨ | પટેલ વિજયાબેન ઇશ્વરભાઇ | ચંગવાડા (દિ) | 79763.89 | 177799.48 | 671200.22 | 3359010.41 | 3359010.41 |
| 3 | ચૌધરી મંજુલાબેન વિનોદભાઇ | માનપુરા (દિ) | 93318.57 | 162891.99 | 641560.76 | 3239533.7 | 3239533.70 |

## તાલુકો: **ધાનેરા**

| ક્રમ | નામ | મંડળીનું નામ | કુલ લીટર દૂધ | મંડળી દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | સંઘ દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | ભરાવેલ દૂધની રકમ રૂપિયા/પૈસા | મેળવેલ નફો અને દૂધની કુલ રકમ રૂપિયા/પૈસા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પટેલ અમરબેન અજબાભાઈ | ફતેપુરા (સો) | 176737.00 | 565763.66 | 1137705.41 | 5783515.00 | 7486984.07 |
| ૨ | ઘસીયા સુરેખાબેન નગાભાઈ | સુડલીયાપરા (ધાખા) | 163532.89 | 268603.23 | 1102660.87 | 5714253.81 | 7085517.91 |
| 3 | માળવી માનીબેન રાજાભાઈ | પૂર્વ ધાંખા | 163395.00 | 259131.33 | 1027540.81 | 5363958.4 | 6650630.54 |

## તાલુકો: **થરાદ – ૨**

| ક્રમ | નામ | મંડળીનું નામ | કુલ લીટર દૂધ | મંડળી દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | સંઘ દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | ભરાવેલ દૂધની રકમ રૂપિયા/પૈસા | મેળવેલ નફો અને દૂધની કુલ રકમ રૂપિયા/પૈસા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ચૌધરી સેજીબેન વજાજી | દિપડા | 185543.06 | 499466.87 | 1525209.93 | 7496377.66 | 9521054.46 |
| ૨ | માળી પંખાબેન ઈશ્વરભાઈ | ઉગમણોવાસ (મો) | 193324.87 | 485244.18 | 1369873.27 | 6844137.01 | 8699254.46 |
| 3 | ચૌહાણ રામબાઈ પદમસિંહ | કમાલી | 77148.56 | 190153.21 | 923000.42 | 4603766.13 | 5716919.76 |

## તાલુકો: **લાખણી**

| ક્રમ | નામ | મંડળીનું નામ | કુલ લીટર દૂધ | મંડળી દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | સંઘ દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | ભરાવેલ દૂધની રકમ રૂપિયા/પૈસા | મેળવેલ નફો અને દૂધની કુલ રકમ રૂપિયા/પૈસા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સીલાણા લાસીબેન ભાવાજી | જડીયાળી | 110269.27 | 254095.84 | 760407.09 | 3809434.39 | 4823937.32 |
| ૨ | દરજી દેવિકાબેન દિનેશભાઈ | કેશરસિંગ ગોળિયા | 116753.06 | 220142.71 | 751872.02 | 3763123.21 | 4735137.94 |
| 3 | ખટાણા ભાવનાબેન ઈશ્વરભાઈ | ચામુંડાનગર (મોટા કાપરા) | 98263.38 | 204126.67 | 666141.72 | 3347971.02 | 4218239.41 |

## તાલુકો: **વાવ**

| ક્રમ | નામ | મંડળીનું નામ | કુલ લીટર દૂધ | મંડળી દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | સંઘ દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | ભરાવેલ દૂધની રકમ રૂપિયા/પૈસા | મેળવેલ નફો અને દૂધની કુલ રકમ રૂપિયા/પૈસા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જોષી ચદ્રિકાબેન દેવરામભાઈ | ભાખરી | 111780.25 | 191597.63 | 842649.10 | 4279510.65 | 5313757.38 |
| ૨ | સોલંકી નીતાબેન ઈશ્વરજી | ચાંદરવા | 71925.18 | 158140.74 | 753210.21 | 3774601.18 | 4685952.13 |
| 3 | બ્રાહ્મણ હીરાબેન નરસંગભાઈ | અર્બુદાનગર | 56574.00 | 150974.58 | 611688.52 | 3021486.12 | 3784149.22 |

## તાલુકો: **ભાભર**

| ક્રમ | નામ | મંડળીનું નામ | કુલ લીટર દૂધ | મંડળી દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | સંઘ દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | ભરાવેલ દૂધની રકમ રૂપિયા/પૈસા | મેળવેલ નફો અને દૂધની કુલ રકમ રૂપિયા/પૈસા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પટેલ લીલાબેન લાલજીભાઈ | જાસનવાડા (પ) | 180849.30 | 352731.67 | 1172211.17 | 5812314.40 | 7337257.24 |
| ૨ | રબારી ભાવનાબેન હરગોવનભાઈ | દેવકાપડી | 70729.00 | 147634.00 | 728170.76 | 3632469.67 | 4508274.43 |
| 3 | ફોક ગંગાબેન ઈશ્વરભાઈ જાસનવાડા (પ) | રતનપુર (બરવાળા) | 73311.73 | 86763.81 | 702648.15 | 3488361.75 | 4277773.71 |

## તાલુકા: **કાંકરેજ**

| ક્રમ | નામ | મંડળીનું નામ | કુલ લીટર દૂધ | મંડળી દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | સંઘ દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | ભરાવેલ દૂધની રકમ રૂપિયા/પૈસા | મેળવેલ નફો અને દૂધની કુલ રકમ રૂપિયા/પૈસા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પટેલ ધનીબેન વીસાભાઈ | માંડલા | 90017.26 | 256473.27 | 1039566.64 | 5129465.84 | 6425505.75 |
| ૨ | પંડ્યા મંગુબેન દાનસુંગભાઈ | માંડલા | 80415.36 | 234821.00 | 951803.17 | 4696420.30 | 5883044.47 |
| 3 | દેસાઈ હંસાબેન કાનજીભાઈ | નવા સમણવા | 77532.22 | 117633.26 | 745877.25 | 3759454.08 | 4622964.59 |

### તાલુકા: રાધનપુર

| ક્રમ | નામ | મંડળીનું નામ | કુલ લીટર દૂધ | મંડળી દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | સંઘ દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | ભરાવેલ દૂધની રકમ રૂપિયા/પૈસા | મેળવેલ નફો અને દૂધની કુલ રકમ રૂપિયા/પૈસા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ચૌધરી દેમાબેન દઝાભાઈ | નવુંપરું (ક) | 198661.69 | 243409.95 | 1636171.33 | 8114417.49 | 9993998.77 |
| ૨ | આયર ભચીબેન બાબુભાઈ | ધોલકડા | 78247.28 | 135540.36 | 596693.85 | 2967502.13 | 3699736.34 |
| 3 | ચૌધરી હરખાબેન ભવાનભાઈ | અરજણસર | 62089.15 | 65474.36 | 437889.06 | 2179867.4 | 2683230.82 |

### તાલુકા: સાંતલપુર

| ક્રમ | નામ | મંડળીનું નામ | કુલ લીટર દૂધ | મંડળી દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | સંઘ દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | ભરાવેલ દૂધની રકમ રૂપિયા/પૈસા | મેળવેલ નફો અને દૂધની કુલ રકમ રૂપિયા/પૈસા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | આયર સેજીબેન રામાભાઈ | કલ્યાણપુરા | 47242.12 | 85167.43 | 537316.44 | 2699256.54 | 3321740.41 |
| ૨ | ચૌધરી જડીબેન લાલજીભાઈ | અર્બુદાનગર (જેકડા) | 61968.93 | 90893.01 | 472949.44 | 2443509.04 | 3007351.49 |
| 3 | આહિર સેજીબેન વજાભાઈ | દાત્રાણા | 34059.70 | 93837.71 | 379431.83 | 1874826.83 | 2348096.37 |

### તાલુકા: સુઈગામ

| ક્રમ | નામ | મંડળીનું નામ | કુલ લીટર દૂધ | મંડળી દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | સંઘ દ્વારા ફાળવેલ નફાની રકમ રૂપિયા/પૈસા | ભરાવેલ દૂધની રકમ રૂપિયા/પૈસા | મેળવેલ નફો અને દૂધની કુલ રકમ રૂપિયા/પૈસા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | બોડાણા ગીતાબેન ધેંગાભાઈ | બેણપ | 51004.78 | 113104.03 | 638369.83 | 3184195.29 | 3935669.15 |
| ૨ | રબારી જબલબેન રણછોડભાઈ | ચાળા | 48026.16 | 81061.68 | 543473.02 | 2700745.63 | 3325289.33 |
| 3 | વણોલ ગીતાબેન રામસેંગભાઈ | દેવપુરા | 46221.38 | 131136.84 | 515176.87 | 2592047.32 | 3238361.03 |



## બનાસ ડેરીની
# સશક્ત, સક્ષમ અને સમૃદ્ધ મહિલા પશુપાલકો



# મહાકુંભ યાત્રા દરમિયાન થરાદના પશુપાલકો ઉત્તર પ્રદેશમાં બનાસ ડેરીનાં પ્લાન્ટ્સ જોઈને થયા મંત્રમુગ્ધ

થરાદ તાલુકાના પશુપાલકો અને પ્રજાજનો જ્યારે મહાકુંભમાં આસ્થાની ડૂબકી લગાવવા નીકળ્યા, ત્યારે તેઓ માત્ર ધાર્મિક યાત્રા પૂરતા સીમિત ન રહ્યા. આ યાત્રા સાથે એક પ્રેરણાદાયી પ્રવાસ પણ જોડાયેલો હતો, તેઓએ ઉત્તર પ્રદેશની અંદર કાર્યરત બનાસ ડેરીની વિવિધ શાખાઓની મુલાકાત કરીને ચાલુ કામગીરી તેમજ પ્લાન્ટો અંગે જાણ્યું હતું.

ઉત્તર પ્રદેશની ધરતી પર પગ મુકતા જ, તેઓએ બનાસ ડેરીની શાખાઓ – લખનૌ, કાનપુર અને વારાણસીના આધુનિક પ્લાન્ટોની મુલાકાત લીધી. આ પ્રવાસ માત્ર એક મુલાકાત જ નહીં, પરંતુ નવતર ટેક્નોલોજી અને આધુનિક વ્યવસ્થાપનની અનુભૂતિ કરી હતી. પશુપાલકો માટે રહેવાની અને જમવાની વ્યવસ્થા બનાસ ડેરી દ્વારા સુચારૂ રૂપે કરવામાં આવી, જેના કારણે તેઓ નિરાંતથી ડેરીની કામગીરીને નજદીકથી જોઈ શક્યા.

જ્યારે પશુપાલકો એ પ્લાન્ટની અંદર જઈને ત્યાંની અદ્યતન સુવિધાઓ જોઈ, ત્યારે તેમના ચહેરા પર આનંદ અને ગૌરવની ઝલક દેખાઈ. ધમધમતા મશીનો, સ્વચ્છ અને ગતિશીલ ઉત્પાદન પ્રક્રિયા, અને કામદારોની નિષ્ઠા – બધુંજ પ્રભાવશાળી હતું. બનાસ ડેરી દ્વારા અપનાવવામાં આવેલી ટેક્નોલોજી અને ઉચ્ચ સ્તરીય વ્યવસ્થાપનને જોઈને પશુપાલકો મંત્રમુગ્ધ થઈ ગયા. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના દૃઢ નેતૃત્વમાં, બનાસ ડેરી માત્ર ગુજરાત કે બનાસકાંઠા સુધી સીમિત ન રહી, પરંતુ દેશભરમાં પોતાના પગ પ્રસારી રહી છે. થરાદના પશુપાલકો માટે આ યાત્રા એક નવી પ્રેરણા બની. તેઓએ જાણ્યું કે દેશના અન્ય રાજ્યોમાં પણ તેમના જેવા લોકો માટે સુવર્ણ તક ઉભી થઈ રહી છે.






ઉત્તર પ્રદેશમાં કાર્યરત બનાસ ડેરીનાં પ્લાન્ટોની મુલાકાત બાદ પશુપાલકોએ ખુશી વ્યક્ત કરતા કહ્યું કે "બનાસ ડેરીની વિવિધ શાખાઓ જોઈને આજે મારો દ્રષ્ટિકોણ બદલાઈ ગયો છે. હું હવે મારા ગાય-ભેંસના દૂધને માત્ર એક વ્યવસાય તરીકે નથી જોતો, પણ તેને એક ઉદ્યોગ તરીકે વિકસાવવાની તાકાત જોવું છું. જિલ્લા જેવી સુવિધાઓ દેશના અન્ય રાજ્યમાં સ્થાપતા, બનાસ ડેરી, પશુપાલકોનો પણ ઝડપી વિકાસ થઈ રહ્યો છે!"

જ્યારે થરાદ તાલુકાના પશુપાલકો અને પ્રજાજનો મહાકુંભની યાત્રા માટે ગયેલા, ત્યારે તેમને માત્ર આધ્યાત્મિક શાંતિ નહીં, પણ ઉદ્યોગ અને ટેક્નોલોજીના નવા આયામ જોવા મળ્યા. બનાસ ડેરીની ઉત્તર પ્રદેશ શાખાઓ – લખનૌ, કાનપુર અને વારાણસીના પ્લાન્ટની મુલાકાત લીધા બાદ, પશુપાલકોના મનમાં અનેક નવા વિચારો અને આશાઓ ઉભી થઈ.

મહાકુંભ યાત્રા દરમિયાન થરાદના એક પશુપાલકે બનાસ ડેરીનાં વિવિધ પ્લાન્ટ્સની મુલાકાત કર્યા બાદ જણાવ્યું હતું કે "હૂ હંમેશા અમારા ગામમાં બેઠા બેઠા દૂધ ભરીને કમાણી કરવાનો વિચાર કરતો. પણ જ્યારે હું બનાસ ડેરીના આ પ્લાન્ટોને જોઈ રહ્યો હતો, ત્યારે મને સમજાયું કે, બનાસ ડેરીએ દેશના અન્ય રાજ્યમાં પ્લાન્ટની અંદર આધુનિક ટેક્નોલોજી અને વ્યવસ્થિત દૂધ ઉત્પાદનની પદ્ધતિઓ અપનાવી છે, જેના લીધે અમારો દૂધ ઉત્પાદનનો વ્યવસાય પણ કરોડોમાં પહોંચી શક્યો છે. જિલ્લા જેવી સુવિધાઓ અહીં ઉભી કરાઈ છે, જેના કારણે આપણા જિલ્લા સાથે ઉત્તર પ્રદેશ સહીત અન્ય રાજ્યોના પશુપાલકોની આર્થિક સ્થિતિ ઘણી હદ સુધી બદલાઈ છે."

થરાદના બીજા એક પશુપાલકે ગુજરાત સહીત અન્ય રાજ્યમાં બનાસ ડેરીને જોઈને કહ્યું હતુ કે "મેં ક્યારેય વિચાર્યું નહોતું કે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનાં નેતૃત્વમાં બનાસ ડેરીનાં માધ્યમથી દૂધ ઉદ્યોગ એટલો મોટો થશે. જ્યારે અમે અહીંના પ્લાન્ટમાં પ્રોસેસિંગ અને પેકેજિંગ જોયું, ત્યારે મને લાગ્યું કે અમારા ગામમાં ભરાતું દૂધ ન માત્ર જિલ્લાની અંદર પણ દેશના અન્ય રાજ્યોમાં જાય છે, બનાસની સુવાસ દેશભરમાં પ્રસરાય છે. અમે હવે બરોબર સમજી શક્યા છીએ કે કેવી રીતે બનાસ ડેરી ગુજરાતની સરહદો પાર કરીને દેશના અન્ય રાજ્યોમાં પ્રભાવશાળી અસર કરી રહી છે. હું પણ હવે ઈચ્છું છું કે મારા બાળકો પણ પશુપાલનના વ્યવસાયને વધુ ઉંચાઈએ લઈ જાય."

થરાદના વધુ એક પશુપાલકે કહ્યું હતું કે "ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી સાહેબના નેતૃત્વમાં બનાસ ડેરી આજે દેશભરમાં પોતાના પ્લાન્ટ કાર્યરત કરી રહી છે. આ અમારી માટે એક ગૌરવની બાબત છે. ચેરમેનશ્રીએ નવી ટેક્નોલોજી અને આધુનિક પદ્ધતિઓ અપનાવીને દેશભરમાં બનાસ ડેરીનું ગૌરવ વધાર્યું છે. ઉત્તર પ્રદેશમાં આધુનિક પ્લાન્ટ જોઈને અહેસાસ થયો કે બનાસ ડેરી આપણને માત્ર દૂધ વેચવાનો જ નહીં, પણ ઉદ્યોગપતિ બનવાનો માર્ગ બતાવી રહી છે."

પશુપાલકોને આ યાત્રા મહાકુંભમાં ફક્ત આસ્થાની ડૂબકી પૂરતી જ નહોતી, પણ એક શીખ પણ આપી ગઈ. બનાસ ડેરીનો વિકાસ અને પ્રગતિ જોઈને પશુપાલકો હવે બનાસ ડેરીએ તેમને એક નવી દિશા દેખાડી છે, અને હવે એ વિઝન તેમના હૃદયમાં પ્રેરણા બની રહી છે. તેઓ ફક્ત ગાય-ભેંસ ઉછેરનાર નહીં, પણ લાખોપતિ બનવાની દિશામાં વિચારવાનું શરૂ કર્યું છે. આગામી વર્ષોમાં, જ્યાં પશુપાલન ફક્ત એક પારંપરિક વ્યવસાય નહીં, પણ એક વૈશ્વિક ઉદ્યોગ બનશે!

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી સાહેબે કરનાલ સ્થિત નેશનલ ડેરી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (NDRI) ખાતે મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન, તેમણે દેશની પ્રખ્યાત સંસ્થા NDRIના વૈજ્ઞાનિકો સાથે ખાસ ચર્ચા કરી. ખાસ કરીને, પશુના નસલ સુધાર, પોષણ (ન્યુટ્રીશન), અને આરોગ્ય સંબંધિત મહત્વપૂર્ણ બાબતો પર વિસ્તૃત માહિતી મેળવી.

NDRI દ્વારા કરવામાં આવતા સંશોધનો અને નવીન શોધોના અભ્યાસ સાથે, ડેરી ઉદ્યોગ માટે ઉપયોગી તકનિકીઓ અંગે પણ શ્રી શંકરભાઈ ચૌધરીએ સમીક્ષા કરી. આ મુલાકાત ડેરી ઉદ્યોગના વિકાસ અને પશુપાલકો માટે નવી તકનિકી માર્ગદર્શિકા પ્રાપ્ત કરવા માટે મહત્વપૂર્ણ રહી.

મુલાકાત દરમિયાન, તેમણે મટિરિયલ ઇનોવેશન, ઉત્પાદન ક્ષમતાના વિકાસ, અને પશુપાલન ક્ષેત્રે વૈજ્ઞાનિક અભિગમ અંગે વૈજ્ઞાનિકો સાથે ઉંડાણપૂર્વકની ચર્ચા કરી. બનાસ ડેરીના ભાવિ આયોજનમાં NDRI દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શન ઉપયોગી સાબિત થશે.

આ મુલાકાતે ડેરી ઉદ્યોગ અને પશુપાલનના હિતમાં નવી તકો અને સહયોગ માટે માર્ગ મોકળો કર્યો, જેનાથી ગુજરાત અને સમગ્ર દેશના ડેરી ઉદ્યોગને લાભ મળશે.



**"ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ કરનાલ સ્થિત નેશનલ ડેરી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટની મુલાકાત લીધી"**





**"આપણા પશુપાલકો અને ખેડૂતોના પાવન આશીર્વાદથી મને પ્રજાના હિતમાં ઉત્તમ કાર્ય કરવા અને યોગ્ય નિર્ણયો લેવા માટે શક્તિ પ્રાપ્ત થાય છે."**

**શ્રી શંકરભાઈ ચૌધરી** - ચેરમેન

